**સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થા,ઈચ્છાનાથ, સુરત–૭.**

# જલાઉ લાકડાની હરાજી કરવા માટેનું ટેન્ડર

**૨૦૧૭ – ૨૦૧૮**

## સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થા,ઈચ્છાનાથ, સુરત–૭.

### –: નિ વિ દા :–

સદર કામના અનુભવી ઠેકેદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રકો નિયામકશ્રી, સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થા, ઈચ્છાનાથ, સુરત તરફથી મંગાવવામાં આવે છે.

| અ.નં | કામની વિગતો | પ્રતિ કિલો ભાવ રૂા. | અંદાજિત વજન | અંદાજિત કુલ રકમ રૂા. | કામની સમયમર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | **સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થામાં પડેલા** જલાઉ લાકડા લઈ જવાનું **કામ.** | ૦૨=૭૫ | 30,000 કિલો | ૮૨,૫૦૦/- | ૩ માસ |

(૧) ભરેલાભાવપત્રકો આ કચેરીએ **તાઃ ૧૯/૦૨/૨૦૧૮** સુધીમાં કચેરીના સમય દરમ્યાન મળે તે મુજબ સ્વીકારવામાં આવશે. પરંતુ ટપાલ મારફત મોકલેલ ટેન્ડર ગુમ થાય કે નિયત તારીખ વિત્યા બાદ મળશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહી. શકય હશે તો આવેલા ભાવપત્રકો **તાઃ ૨૧/૦૨/૨૦૧૮** ના રોજ ૩:૦૦ કલાકે ઈચ્છુક હાજર રહેલા ઠેકેદારોની હાજરીમાં જ ખોલવામાં આવશે. પરામર્શ (નેગોશીએશન) જો જરૂર હશે તો તેજ દિવસે હોઈ અચૂક હાજર રહેવુ. કોરા ભાવ પત્રકો સંસ્થાની વેબસાઈટ www.svnit.ac.in પર થી મળી રહેશે જેની ખાસ નોંધ લેવી.

(૨) એક યા બધા જ ભાવપત્રકો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવા કે નામંજુર કરવાના સર્વે હકકો નિયામકશ્રીને રહેશે.

**નિયામકશ્રી**

**સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થા,ઈચ્છાનાથ, સુરત–૭.**

**ભાવપત્રક માહિતી :**

| | | | |
|---|---|---|---|
| ૧. | કામનુ નામ | : | **સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થામાં** મુકેલ જલાઉ લાકડા લઇ જવાનું **કામ.** |
| ૨. | અંદાજીત લઘુતમ રકમ | : | રૂ. ૮૨,૫૦૦/– |
| ૩. | ભરેલા ભાવ પત્રકો પરત આપવાનાં છેલ્લી તારીખ | : | **તાઃ**૧૯/૦૨/૨૦૧૮ ના રોજ ઓફિસ સમય દરમ્યાન (વહીવટી મકાનમાં) |
| ૪. | ભરેલા ભાવ પત્રકો ખોલવાની તારીખ | : | **તાઃ ૨૧/૦૨/૨૦૧૮ ના રોજ ૩ઃ૦૦ વાગ્યે (એસ્ટેટ સેકશનમાં)** |
| ૫. | સીકયોરીટી ડીપોઝીટ | : | અંદાજીત લઘુતમ રકમ ના ૧૦% એટલે અંકે રૂ. ૮,૨૫૦/– |
| ૬. | સમય મર્યાદા | : | **3 માસ** |

૭. **ઠેકેદારો ને જણાવવામાં આવે છે કે તાઃ ૨૧/૦૨/૨૦૧૮ ના રોજ ૩ઃ૦૦ વાગ્યે ભરેલા ભાવ પત્રકો ખોલવાના હોવાથી એસ્ટેટ સેકશન બિલ્ડીંગમાં હાજર રહેવું. પરામર્શ (નેગોશીએશન) જો જરુર હશે તો તેજ દિવસે હોઈ અચૂક હાજર રહેવું.**

૮. સીકયોરીટી ડીપોઝીટ સવારે ૧૦ઃ૦૦ વાગ્યાથી બપોરે ૩ઃ૦૦ વાગ્યા સુધીમાં હિસાબીય શાખામાં જમા કરાવવાની રહેશે.

**ડીન**
**પ્લાનીંગ એન્ડ ડેવલોપમેન્ટ**

**સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌદ્યોગિક સંસ્થા,ઇચ્છાનાથ, સુરત–૭.**

# શરતો

**ટેન્ડર ભરવા માટેની આવશ્યક શરતઃ**

(૧) પાન કાર્ડ નંબર હશે તો જ પાર્ટી ટેન્ડર ભરી શકશે. પાન કાર્ડની ઝેરોક્ષ કોપી વગરનુ ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

(૨) ટેન્ડર ડોકયુમેન્ટમાં ભાવ ભરતા પહેલા એસ્ટેટ વિભાગમાં સંપર્ક કરી કુલ કામની વિગત સ્થળ/સ્થિતનું નિરિક્ષણ કરી મેળવી લેવાની રહેશે.

(૩) ટેન્ડરમાં લખેલો લાકડાનો વજન અંદાજીત છે. ટેન્ડરની કુલ રકમ જલાઉ લાકડાનાં ખરેખર વજન પ્રમાણે જ નિર્ધારિત કરવામા આવશે. માટે ઠેકેદારે પોતાના ખર્ચે ખાલી ટેમ્પો અથવા ટ્રકનુ વજન ધરમકાંટાથી એસ.વી.એન.આઇ.ટી.નાં કર્મચારીની હાજરીમાં જ કરાવવો અને ત્યારબાદ જલાઉ લાકડાથી ભરેલા ટેમ્પો અથવા ટ્રકનો વજન એવીજ રીતે કરાવી લેવો.આ પ્રમાણે નિર્ધારિત થયેલા વજનનાં હિસાબે જ કુલ રકમ નિર્ધારિત થશે એના પ્રમાણે ઠેકેદારે નિર્ધારિત થયેલ રકમ એસ.વી.એન.આઇ.ટી.માં રોકડા હિસાબીય શાખામાં જમા કરાવવા અથવા ઠેકેદારને પરત આપવામા આવશે. આ શરતની ઠેકેદારોએ ખાસ નોંધ લેવી.

(૪) **જે પાર્ટીનુ ટેન્ડર ઊંચાભાવનું હશે તે પાર્ટીને કામ આપવામાં આવશે. આ બાબતે કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.**

(૫) **સ્વીકારેલ કોન્ટ્રાકટની કુલ રકમ (૧૦૦ %) તથા સીકયોરીટી ડીપોઝીટ ની રકમ વર્ક ઓર્ડર મળ્યા પછી તરત જ બીજા દિવસે ઓફીસ સમય દરમિયાન (૧૦:૦૦ થી ૩:૦૦ વાગ્યા સુધીમાં) રોકડા એકાઉન્ટ વિભાગમાં જમા કરાવી, રસીદની એક ઝેરોક્ષ એસ્ટેટ વિભાગમાં, અને એક ઝેરોક્ષ સીકયુરીટી ડિપાર્ટમેન્ટને આપ્યા પછી જ** જલાઉ લાકડા **લઈ જવાની પરવાનગી આપવામાં આવશે.**

(૬) જલાઉ લાકડા ઉપાડતી **વખતે દરેક ટ્રક કે ટેમ્પો માટે એસ્ટેટ વિભાગ પાસેથી ગેટ પાસ લઈને અને સિકયુરીટીને મેઈનગેટ પર બતાવીને ટ્રક કે ટેમ્પો બહાર જવા દેવામાં આવશે.**

(૭) **ટેન્ડરની રકમ ભર્યા પછી નિર્ધારીત સમય મર્યાદામાં** નક્કી કરેલા **સંપુર્ણ** જલાઉ લાકડાં ઉઠાવી **લેવાના રહેશે અને જગ્યા સાફ સફાઈ કરીને આપવાની રહેશે.**

(૮) **આપે ભરેલ ભાવો સીલબંધ કવરમાં આ સાથે જોડેલ બિડાણમાં ટેન્ડર ડોકયુમેન્ટમાં આપેલ સમય મર્યાદા ફકત તાઃ૨૫/૦૨/૨૦૧૮ ના રોજ ઓફીસ સમય દરમ્યાન જમા કરાવવાના રહેશે. આ નકકી કરેલા સમય પછી ભાવપત્રક જમા કરાવશો તો ટેન્ડર રદબાતલ થશે. ભાવપત્રકનાં કવર ઉપર "** જલાઉ લાકડાનો **ભાવ" એમ સ્પષ્ટ અક્ષરે લખવું. શનિવારે તથા રવિવારે ઓફિસ બંધ રહશે.**

(૯) પાર્ટીને સીકયુરીટી ડીપોઝીટની રકમ કોન્ટ્રાકટ પુરો થયેથી પરત કરવામાં આવશે.

(૧૦) ઓછામાં ઓછી અંદાજીત કિંમત રૂા. ૮૨,૫૦૦/- રાખવામાં આવી છે.

(૧૧) પાર્ટીએ તેમનાં સ્વખર્ચ જ્લાઉ લાક્ડા ઉપાડવાનો તથા તેનો નિકાલ કરવાનો રહેશે. સદર વસ્તુ ઉપાડતી વખતે સંસ્થાની મિલકતને નુકસાન ન થાય કે જાનહાની ન થાય તેની સંપૂર્ણ કાળજી લેવાની રહેશે. અને જો તેમ કરવામાં કસુરવાર લાગશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૨) પાર્ટીએ નકકી કરેલા જ્લાઉ લાક્ડા જથ્થો જ ઉપાડવાનો રહેશે. અને જો આ સિવાયના ભંગાર અથવા અન્ય ચીજવસ્તુઓ ઉપાડતા ધ્યાનમાં આવશે તો પાર્ટીની સીકયુરીટી ડીપોઝીટ માંથી વસુલ કરવામાં આવશે અથવા તેનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૩) જ્લાઉ લાક્ડાઓ **એસ્ટેટ વિભાગની સુચના પ્રમાણે ઉપાડવાના રહેશે.**

(૧૪) આપે ભરેલા ભાવો કે મોડા આવેલા ભાવો સ્વીકારવા કે તમામ ટેન્ડરો કારણ દર્શાવ્યા વગર રદ કરવાનો અધિકાર આ સંસ્થાના નિયામકશ્રીનો રહેશે.

(૧૫) આ બાબતમાં કોઈપણ વાંધો પડે તો તેનો નિકાલ સુરત કાયદેસરની હકુમત હેઠળ કરવામાં આવશે

(૧૬) જ્લાઉ લાક્ડાઓ જે સ્થળે મુકેલ છે તે જગ્યા પાર્ટીએ ફકત ઓફીસ સમય દરમ્યાન જાતે જોઈ, તપાસી લેવાનો રહેશે અને તે અનુસાર ભાવ ભરવાનો રહેશે.

(૧૭) **ટેન્ડરમાં ભાવો આકડામાં અને શબ્દોમાં સ્પષ્ટ અક્ષરોથી ભરવાના રહેશે. જો તેમાં કોઈ પણ પ્રકારનો તફાવત જણાશે તો, ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. જેથી પાર્ટીએ ભાવ ભરવામાં વિશેષ ધ્યાન આપવું.**

(૧૮) **પાર્ટીના સહી, સિકકા વગરનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.**

**નિયામકશ્રી**

ઉપરની શરતો નંબર ૧ થી ૧૮ અમોએ ધ્યાનથી વાંચી છે અને અમોને કબુલ મંજૂર છે.

**પાર્ટીની સહી** ---------------------------------

**નોંધ : સંસ્થાનો એકત્ર કરેલ** જ્લાઉ લાક્ડાઓ **નીચે દર્શાવેલ સ્થાનમાં છે.**

**(૧)** નવા સ્ટાફ ક્વાર્ટર્સ**ની** સામે

## <u>સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થા,ઈચ્છાનાથ, સુરત–૭.</u>

## <u>ભાવ પત્રક</u>

<u>**કોન્ટ્રાકટની વિગત :–**</u>

<u>કામનુ નામઃ</u> **સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌધોગિક સંસ્થામાંથી** જ્લાઉ લાકડાઓ લઈ જ્વાનું કામ.

**કુલ રકમ (આંકડામાં)** **રૂા. ......................**

**(શબ્દોમાં)**

**..........................................................................**
**..........................................................................**

——————————————

**પાર્ટીની સહી તથા સિકકો**

**સ્થળ: સુરત**

**તારીખ :**

**સરનામું :** ——————————————
——————————————
——————————————
——————————————